કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક : ૧૩૮ ● ઓક્ટોબર, ૨૦૧૮



## કાલુપુર મંદિરમાં જલઝીલણી એકાદશીના શ્રી ગણપતીજીનો વરઘોડો

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧


















૧. એડમિન્ટન (કેનેડા) મંદિરના પાટોત્સવ પ્રસંગે સભામાં દર્શન આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૨. વિલ્સડન (યુ.કે.) મંદિરમાં સંતસ્મૃતિ કથા પ્રસંગે પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતા સંત-હરિભક્તો.૩. કાર્ડિફ (યુ.કે.)મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા સંતો.૪. લેસ્ટર (યુ.કે.) મંદિરમાં જન્માષ્ટમી પ્રસંગે શ્રી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરતા સંત હરિભક્તો. ૫. ન્યુયોર્ક (અમેરિકા) મંદિરમાં ગણેશ ચતુર્થીના શ્રી ગણપતિજી નું પૂજન કરતા હરિભક્તો, જન્માષ્ટમી ઉત્સવ પણ અહીં ધામધૂમથી ઉજવાયો હતો. ૬. કરાંચી પાકિસ્તાન આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં જન્માષ્ટમી તથા ગણેશચતુર્થીના ઉત્સવો ધામધૂમથી ઉજવાયા હતા. ૭. પારસીપની (અમેરિકા) મંદિરમાં જલઝીલણી એકાદશીના દિવસે શ્રી ગણપતિજીના વરઘોડાના દર્શન.




# શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૨ ● અંક : ૧૩૮

ઓક્ટોબર-૨૦૧૮

(મૂળ વર્ષ ૪૯)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**

તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9099098969
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | હિંડોળા ઉત્સવ | ૦૬ |
| ૦૪. | હે વર્ણિવેષ ધારી રક્ષા કરો | ૦૮ |
| ૦૫. | દયાના સાગર શ્રીહરિ | ૧૦ |
| ૦૬. | આ તો વાત અતોલ અપાર | ૧૨ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૪ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૧૮ |
| ૦૯. | ભક્તિ સુધા | ૨૧ |
| ૧૦. | પ્રશ્નપેટી | ૨૪ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૫ |

# અસ્મદીયમ્

શ્રી સ્વામિનારાયણ માસિકના સર્વે વાચકો, વ્હાલા શ્રીહરિના લાડીલા હરિભક્તો, વિદ્વતવર્ય લેખક મહોદય, અને યેનકેન પ્રકારે આપણા આ સામાયિક સાથે જોડાયેલા તમામને અમારા નૂતન વર્ષના હેત પ્રેમથી જયશ્રી સ્વામિનારાયણ. હવે પછીનો નવેમ્બરનો અંક આપને સુંદર અલૌકિક કેલેન્ડર સ્વરૂપમાં પ્રાપ્ત થશે.

આપણે આખા વરસ દરમ્યાન આ લોકના અર્થે અર્થ ઉપાર્જન આદિ ઘણું કર્યું હશે. જે વ્યવહારમાં જરૂરી છે. અને તે માટે ધંધા-નોકરી અને ખેડૂતે ખેતી કરવી પડે.

આ બધું કરવા ઉપરાંત જીવ માટે જે કરવાનું છે તે કેટલું કર્યુ તે ખૂબ અગત્યનું છે. આપણા કેટલાય પુણ્યના પ્રતાપે આ મહામોંઘો મનુષ્ય દેહ મળ્યો છે અને તેમાંય આ સંપ્રદાયમાં જન્મ મળ્યો, તેના તો ભાગ્યનો કોઈ પાર નથી. આપણને જે મળ્યું છે તે કોઈને નથી મળ્યું. અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ સર્વ અવતારના અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રાપ્તિ થઈ છે. જેથી આપણને તો બહુ મોટી પ્રાપ્તિ થઈ છે. જેથી એવા આપણા ઈષ્ટદેવમાં એ સ્વરૂપમાં આપણી નિષ્ઠા દ્રઢ હોવી જોઈએ. બીજું બધું ભગવાન માફ કરશે પણ સ્વરૂપ નિષ્ઠામાં ખામી હશે તો નહીં ચાલે. માટે તેનું ખાસ ધ્યાન રાખવું.

પુરૂષોત્તમ નારાયણ તે સર્વકર્તા છે, સર્વ કારણ છે, સર્વ નિયંતા છે, અતિ સ્વરૂપવાન છે, અતિ તેજસ્વી છે, અતિ સમર્થ છે અને 'કર્તુમ કર્તુમ ન્યથાકર્તુ' સમર્થ છે, તે જો પોતાની ઈચ્છામાં આવે તો એ અક્ષરધામને વિષે રહ્યા જે મુક્ત તે સર્વેને પોતાના તેજને વિષે લીન કરીને પોતે એકજ બિરાજમાન રહે અને સૂઝે તો એ સર્વે મુક્ત તેમણે સેવ્યા થકા એમની ભક્તિને અંગીકાર કરે ને એ સહિત વિરાજમાન રહે. અને જે અક્ષરધામને વિષે પોતે રહ્યા છે તે અક્ષરને પણ લીન કરીને પોતે સ્વરાટ થકા એકલાજ બિરાજમાન રહે, અને પોતાને મનમાં આવે તો એ અક્ષરધામ વિના પણ અનંતકોટિ મુક્તને પોતાને ઐશ્વર્યે કરીને ધારવાને સમર્થ છે. (વ. લોયા-૧૨)

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ

(સપ્ટેમ્બર-૨૦૧૮)

| | |
|---|---|
| ૬-૭-૮ | કેનેડામાં સાસ્કાટોનમાં નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરના ભૂમિપૂજન પ્રસંગે પધરામણી. |
| ૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર રેજીના કેનેડા પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર એડમીટોન કેનેડા પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૦થી ૧૩ | લંડન વિલ્સડનલેન શ્રી સ્વામિનારાયણ મંદિર સંત સ્મૃતિ કથા પારાયણ પ્રસંગે પધરામણી. |
| ૧૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર ચલોડા (ધોળકા દેશ) પધરામણી. |
| ૨૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર જલઝીલણી એકાદશીના શ્રી ગણપતીજીના વરઘોડામાં પધાર્યા. |
| ૨૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડુ પદયાત્રા પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી. |



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(સપ્ટેમ્બર-૨૦૧૮)

| | |
|---|---|
| ૨૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અને નારણઘાટ જલઝીલણી એકાદશીના શ્રી ગણપતીજીના વરઘોડામાં પધાર્યા. |

# હિંડોળા ઉત્સવ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



પરાત્પર પરબ્રહ્મ લીલા પુરુષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણ ગોકુળ-વૃંદાવનમાં અગિયાર વર્ષ નિવાસ કરીને જન્મોજન્મથી ભગવાનનું દિવ્ય સુખ મનુષ્યરૂપે મેળવવા આતુર ભક્તો-મુક્તોના મનોરથ શુભ કામનાઓના જે જે સંકલ્પો બાકી અધુરા રહ્યા હતા. જેની કોટી કોટી જન્મોથી પ્રતિક્ષા કરી રહેલાને પૂર્વે જે જે અવતાર સ્વરૂપે યા કોઈનામાં રહીને આપેલા વરદાનોને પૂર્ણ કરવા તેમજ પોતાના ધામના અતિ પ્રિય ભક્ત-પાર્ષદોની પંક્તિમાં ભેળવવાની કામનાઓ વાળા સમસ્ત મુક્ત આત્માઓએ શ્રીહરિના પ્રાગટ્યની પૂર્વે વ્રજવાસી મનુષ્યરુપે, ગોપ-ગોવાળ, ગોપાંગના, ગો, ગોવત્સ, વનવેલી, લત્તા પશુ, પક્ષી કિટ પતંગના દેહમાં જેને જેવો જન્મ લેવાનો અવકાશ મળ્યો તે તે તેવા દેહ ધારણ કરીને શ્રીજીની સેવામાં હાજર થઈને પ્રભુને પામવા-માણવા-સેવવાની પ્રતિક્ષા કરતા ભક્તો મુક્તો પોતપોતાનું સ્થાન પકડીને સુખ માણવા સમયની રાહ જોઈ રહ્યા હતા. વાસુદેવ-દેવકી, નંદ-યશોદાને પુત્ર તરીકેનું ઉત્તમ સન્માન રાખી ખુશ કર્યા. તો માખણ લીલાના અને રાસ લીલાના માધ્યમથી ગોપાંગનાઓના કોડ પુરા કર્યા, યમુના સ્નાન કરીને મહારાણી યમુનાજીની સેવા અંગીકાર કરી. ગૌરી વ્રતના નિમિત્તે વ્રજકુમારીઓને ગાયો-ગોવત્સને ગાયો ચરાવીને ન્યાલ કર્યા. દરેકને શિક્ષા અને ભાગવતી દીક્ષા દીધી.

હવે પરમાત્માના દિવ્ય સાનિધ્યના સ્વર્શ સુખથી વંચિત જે વ્રજભૂમિના બાર વન અને ચોવીસ ઉપવન તથા ગિરિરાજ પર્વતની સમીપમાં એકસો બત્રીસ વન અને છન્નુ ઉપવનમાં વૃક્ષ વેલીલત્તાના દેહમાં રહેલા ભક્તોની મનોકામના પૂર્ણ કરવા એકવાર પવિત્ર શ્રાવણ માસમાં જ્યારે વર્ષા ઋતુમાં મેઘરાજાની મહેરબાનીથી વન ઉપવનમાં રહેલા છોડ જેમાં રણછોડનો વાસ છે એવા તરૂવરના દેહધારી મુક્તો સોળ કળાઓથી સમ્પન્ન બનીને મંદ સુગંધને પવનદેવ દ્વારા શ્રીજી પ્રભુ સુધી પહોંચાડતા જાણે ઠાકોરજીને બોલાવવાનો હુંકાર સંદેશ આપવા લાગ્યા હતા. ત્યારે મહાપ્રભુએ તેઓની કોટી કોટી જન્મજન્માન્તરની કામનાઓને પૂર્ણ કરવા શ્રાવણ માસમાં એક એવી લીલા કરી કે, ગોપાંગનાઓ શ્રીજી બાળપ્રભુ જે છ વર્ષની વયમાં પહોંચ્યા હતા. તે સમયે ગોપીઓએ કહ્યું. વન ઉપવનમાં બહુ સુંદર વનરાજી ખીલી ઉઠી છે. પુષ્પો સુગંધ ફેલાવીને આપની પ્રતિક્ષા કરી રહ્યા હોય એમ લાગે છે. અને તે વનમાં કેટલીક સખીઓની સાથે શ્રી સ્વામીની પધાર્યા છે.

એવા મનમોહક મીઠા મીઠા વચનો-પ્રલોભનો-પ્રવચનો કરતી ગોપીઓ શ્રીજીની સાથે વનમાં ચાલ્યા. એક બહું સુંદર કદમના ઝાડની ઘટાજટાથી સુશોભિત તરૂવરની ડાળીઓ શ્રી સ્વામીનીએ એક ઝુલો બનાવી રાખ્યો હતો. તે ઝુલાને વન-ઉપવનમાં રહેવા ફળફુલ

પાન વડે રંગબેરંગી રંગોથી રંગાયેલ વૃક્ષ વેલી લત્તાની શાખા પત્ર પુષ્પોને એકબીજાના આધારે વિનગુન ગૂંથીને શોભા કરી હતી. ગોપીઓ તે ઝુલામાં બાળ પ્રભુને પકડીને બિરાજમાન કર્યા અને પુષ્પો વડે ભગવાનના જાતજાતના ફુલના શણગાર કર્યા. મસ્તક પર ફુલનો મુગટ કર્યો. કાનના કુંડળ, બાંયના બાજુબંધ, ચરણમાં તોડાના અલંકાર ધારણ કરાવીને શ્રીહરિનો શણગાર કર્યા ત્યારે શંખ-ઘંટનાદની સાથે યુગલ સ્વરુપ જે (શ્રીકૃષ્ણ-રાધાજી) પધરાવ્યા. પોતાની યુગલ ઉપાસનાની પુષ્ટિ કરીને ઝુલાવવા લાગી તે દિવ્ય દર્શન કરવા વન-ઉપવનના પક્ષીઓ કલરવનો નાદ કરતા સૂરમાં સૂર મિલાવે. એવો તો દિવ્ય આનંદ પ્રભુએ આપ્યો કે, દેહ અને જગત તો ભૂલાઈ ગયું. મનોહર મૂર્તિ અને નિજ સેવાનો આનંદ માત્ર ક્ષણનો હોય પણ તેના તુલ્યે આખા બ્રહ્માંડનું સુખ ના આવે. એમ કરતા સંધ્યા કાળ થતા શ્રીજી અને સ્વામીની યુગલ સ્વરુપ અદશ્ય થતાં ઝુલા ઉત્સવ પૂર્ણ થયો. ગોપીઓ મૂળ શરીરે તો ઘેર જ હતી. દિવ્ય દેહે શ્રીહરિની ઝુલામાં હિંચકાવવાની સેવામાં આવી હતી.

બીજા દિવસે પણ અલગ વન-ઉપવનમાં ઝુલા ઉત્સવ ઉજવાયો. જે તે વનમાં રહેલા વૃક્ષ વેલી લતાને લ્હાવો આપવા ભિન્ન-ભિન્ન વન-ઉપવનમાં ઝુલા ઉત્સવ (હિંડોળા ઉત્સવ ઉજવવા લાગ્યા) શ્રાવણના બત્રીસ દિવસ પર્યન્ત ઝુલા ઉત્સવ થયો. તેમાં યુગલ સ્વરુપ (શ્રીકૃષ્ણ શ્રીરાધાજી)ને પધરાવીને યુગલ ઉપાસનાની સેવા-ભક્તિ-દર્શન સુખનો આ હિંડોળાનો ઉત્સવ વ્રજમાં ઉજવાયો. આ ઉત્સવ કુલ બત્રીસ દિવસ ઉજવાયો. વ્રજ લીલાઓમાં શ્રીરાધાજીને શ્રીદામાનો શાપ હોવાથી શ્રીજીનાં સાનિધ્યથી સદાય વંચિત રહ્યા હતા. હિંડોળા ઉત્સવમાં એકને એક માત્ર આ ઉત્સવમાં વ્રજવાસીઓને યુગલ સ્વરૂપની દિવ્ય સેવાનો અલભ્ય લાભ આપ્યો. બત્રીસ દિવસમાં ૧૬ દિવસ શ્રીજીની ભાવના લાવીને અને ૧૬ દિવસ શ્રી સ્વામી રાધાજીની ભાવના લાવીને પધરાવવામાં આવે છે.

આપણા સંપ્રદાયના વ્રતને ઉત્સવો વૈષ્ણવી પરંપરાના શ્રીશ્રીમદ્ વિઠ્ઠલનાથજીની કરેલી ઉત્સવ રીતિ અનુસાર કરવામાં આવે છે. શ્રી ઠાકોરજીએ હિંડાળાનો જેને ઝુલા ઉત્સવ કહીએ તે વનમહોત્સવની વ્રજની લીલાની પ્રગટ પ્રત્યક્ષ સ્મૃતિ ઉત્સવ હિંડાળા તે શ્રાવણ માસમાં કરવામાં આવે છે. તે ઝુલામાં યુગલ સ્વરૂપને પધરાવાના હોય, બે બાજુના સ્થંભ સ્વરૂપે શ્રી લલિતાજી અને શ્રી વિશાલાજીના સ્વરુપ હોય, પારણાંના નીચે બિછાના આસનમાં શ્રી યમુનાજી મહારાણીની ભાવના હોય, ભક્તોના હૃદય નવપલ્લવિત અંકુરિત પુષ્પો વડે શણગાર હોય, તેમાં વિભિન્ન મનોહરથી મનોરથને ફળ-પુષ્પપાન આદિથી કલાત્મક હિંડોળાની સજાવટ હોય, તે દિવસોમાં વેણુ ધરવામાં નથી આવતી, માત્ર હિંડોળામાં જ ધરાવવામાં આવે. શંખ ઘંટનાદ ઝાલરના ધ્વનિની સાથે શ્રી મહાપ્રભુ મદનમોહન બિરાજમાન થાય, પવિત્રા એકાદશીના દિવસે વલ્લભ સંપ્રદાયના ભગવન શ્રી ઠાકુરજીનો જન્મ દિવસ હોવાથી તેને પુષ્ટિ માર્ગનો જન્મ દિવસ કહેવામાં આવે છે. તેની સ્મૃતિમાં યુગલ સ્વરુપને બીજા દિવસે પવિત્ર સૂત વડે નિર્મિત્ત સૂત્રમાલ (પવિત્રા)ના શણગાર અને હિંડોળા કરવામાં આવે છે. મહાપ્રભુને તે દિવસોમાં માખણ મિસરીનો ભોગ ધરાવવામાં આવે છે.

આ હિંડોળા ઉત્સવમાં ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ સત્સંગમાં ગઢડા-વડતાલ, જેતલપુર, અમદાવાદ આદિ ધામોમાં હિંડોળાના ઉત્સવો ઉજવ્યા હતા. તેમાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ બાર દરવાજાનો હિંડાળો બનાવી તેમાં શ્રીહરિને પધરાવ્યા. તે બાર સ્વરુપ ધારણ કરી પ્રભુએ ભક્તોને આનંદ આપ્યો હતો. જેતલપુરમાં અક્ષરફુલવાડીમાં આસોપાલવની ડાળીએ સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામીએ હિંડોળો બનાવીને શ્રીજીમહારાજને ઝુલાવ્યા હતા. વિશેષ તો વૃક્ષ વેલી લતાના દેહમાં પ્રગટ થયેલા ભક્તોની સેવાની કામના પૂર્ણ કરવાનો ઉત્સવ તે હિંડોળા ઉત્સવ કહેવાય. પરંતુ આજકાલ તો ઘણા મંદિરોમાં યાંત્રિક વસ્તુઓ, ધાતુઓના પાત્ર, જેવી વસ્તુઓ શ્રીજીના પવિત્ર હિંડોળે લટકાવે છે ત્યારે તેઓએ શ્રી બાળપ્રભુની વ્રજની ''વનવાસી મહોત્સવ'' ઝુલા મહોત્સવની કથાનું હાર્દ જાણવું જરૂરી છે.

હિંડોળામાં બિરાજમાન યુગલ સરકાર શ્રી મહાપ્રભુ ભગવાન શ્રીકૃષ્ણ રાધાજીનાં દર્શન કરનારને જમનું તેડું આવતું નથી. જે ભક્ત શણગારની સેવા કરે છે અથવા ઝુલાને ઝુલાવે છે તેના કોટી જન્મોના પાપ બળીને ભસ્મ થઈ જાય છે.



# હે વર્ણીવેષ ધારી રક્ષા કરો

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)

वंशस्थवृत्तम्

अथेकादा दिव्यतपास्तपंस्तस्विनां कौतुककारकर्मकः ।
यथेस्टयोगाय वने वसन्वशी स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ॥१॥
नवीननीलाम्बुददिव्यविग्रहो जितेन्द्रियो योगकलासु कौशलः ।
कृषीकृतांगतपसा तपोधनः स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ॥२॥
कटितटे पिंगलवर्णवेशलां नवीनमौंजीं दधदेवमेखलाम् ।
जटां दधानोऽथ शिरोरूहच्छटां स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ॥३॥
सितोपवितां सततोऽटवीरुचितीव कौपीनपटं द्रढं दधत् ।
विराजमानो मृगचारुचर्मणा स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ॥४॥
दधच्चकण्ठे तनुतौलसीं स्त्रजं सनामपाणौ जपमालिकां तथा ।
सचन्द्रमध्योर्ध्वतमालपत्रकः स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ॥५॥
तनूतरस्कन्धनिषक्तपुस्तको रतः सदा बालमुकुन्दपूजने ।
वनेचरैः सिद्धगणैस्तु सेवितः स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ॥६॥
ससिंहशार्दूलवराहवारणैर्महामृगैर्वेलगणैश्च संकुले ।
वनेऽपि धीरो विचरन्नभीतिकः स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ॥७॥
सदात्मदर्शी फलकन्दभोजनो वने निवासो यदि दुःखदः खलु ।
तथाऽपि तत्रापि सुखो महामतिः स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ॥८॥

इति श्रीयोगानन्दमुनि विरचितं श्रीधर्मनन्दनतपश्चर्या वर्णनाष्टकम् ॥

अथेकादा दिव्यतपास्तपंस्तस्विनां कौतुककारकर्मकः ।
यथेस्टयोगाय वने वसन्वशी स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ॥१॥

યોગાનન્દ મુનિ ભગવાનશ્રી સ્વામિનારાયણે નિલકંઠ નામે વર્ણિવેષ ધારણ કરીને પુલહાશ્રમમાં જે ચાતુર માસ પર્યન્ત અતિ કઠોર અને ઉગ્ર તપશ્ચર્યા કરી તે તપ કેટલું ઉગ્ર અને કઠોર છે કે જેને જોઈને એક સમયે પુલહાશ્રમમાં યુગોથી દિવ્ય શરીર ધારીને તપ કરતાં મોટા મોટા તપસ્વીઓને પણ અતિ આશ્ચર્ય થવા માંડ્યું જેથી પરસ્પર એકબીજાને પુછવા માંડ્યું કે આવું ઉગ્ર તપ કરનારા છે કોણ ? આવા શબ્દો સાંભળીને અન્ય તપસ્વીઓ પણ કુતુહલ આશ્ચર્ય પૂર્વક નિલકંઠ વર્ણિ મહાપ્રભુના આ મહાન તપને નિરખવા માંડ્યા અને વિચારે છે કે આ કર્મ કોઈ દેવ કે મનુષ્યથી થઈ શકે તેમ નથી. આપણા જેવા તપસ્વીઓને પણ અચંબામાં નાખે તેવું કાર્ય કરવાની સામર્થી સાધારણ દેવ કે મનુષ્યમાં તો હોય જ નહીં. માટે જરૂર આ કોઈ પોતાની ઈચ્છાથી આ મહાન યોગની સાધના કરવા સ્વયં દિવ્ય દેહ ધારી પરમેશ્વર જ હોય તેમ જણાય છે. તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થઈને તપસ્વીના જેવો વર્ણિનો વેષ ધારણ કરીને વનમાં નિવાસ કરતાં પ્રભુ મારા જપ તપ ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિની રક્ષા કરો. (૧)

नवीननीलाम्बुददिव्यविग्रहो जितेन्द्रियो योगकलासु कौशलः ।
कृषीकृतांगतपसा तपोधनः स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ।।२।।

અષાડ માસના પ્રાતઃ કાળમાં આકાશમાં છવાઇ ગયેલાં મેઘાડમ્બર જેવા શ્યામ વર્ણના દિવ્ય સુન્દર રૂપાળા મનુષ્ય શરીર ધારણ કરેલાં અને પોતાની સર્વ ઇન્દ્રિયોને જીતીને અષ્ટાંગ યોગ સિદ્ધ કરવામાં કુશળતા વાળા . યોગની કળાઓ યમ નિયમ આસન પ્રાણાયામ પ્રત્યાહાર ધારણા ધ્યાન અને સમાધિ આ આઠઅંગ અને આઠ ક્રિયાઓ નેતી ધોતી બસ્તી કુંજર કપાલભાતી શક્તિપાત કુષ્ઠલીની અને ત્રાટક આ ક્રિયાઓ કરવામાં પ્રવિણતા પ્રાપ્ત કરવા માટે જેમણે પોતાના શરીરને તપકરીને એકદમ કુશ કરી નાખ્યું છે. અર્થાત એવું કઠોર તપ કર્યું છે , જેથી પોતાના શરીરમાં માંસ અને રૂધિરને સુકવી નાખ્યું છે. કેવલ તપ રૂપી ધન જ બાકી રાખ્યું છે. તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણ ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થઇને તપસ્વીના જેવો વર્ણિનો વેષ ધારણ કરીને વનમાં નિવાસ કરતાં પ્રભુ મારા જપ તપ ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિની રક્ષા કરો. (૨)

कटितटे पिंगलवर्णवेशलां नवीनमौंजीं दधदेवमेखलाम् ।
जटां दधानोऽथ शिरोरूहच्छटां स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ।।३।।

શ્રીહરિ મહાપ્રભુએ વર્ણિવેષ ધારણ કરીને પોતાની કટી કેડ્ય ઉપર મુંજ નામના સુકાઇને પીળા થઇ ગયેલાં ઘાસની દર્ભ (ડાભડો)ની મેખલા બાધી છે, કંદોરો બાંધ્યો છે. નવીન તાજી સુન્દર જનોઇ ધારણ કરી રાખેલ છે. અને જ્યારથી ગૃહ ત્યાગ કર્યો છે. ત્યારથી પોતાના મસ્તકના વાળનું મુંડન કરેલ નથી તેથી લાંબી અને કાળી મસ્તકને શોભાવનારી સુન્દર જટા ધારણ કરી રહ્યા છે એવા તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થઇને તપસ્વીના જેવો વર્ણિનો વેષ ધારણ કરીને વનમાં નિવાસ કરતાં પ્રભુ મારા જપ તપ ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિની રક્ષા કરો. (૩)

सितोपवितां सततोऽटवीरुचितीव कौपीनपटं दृढं दधत् ।
विराजमानो मृगचारुचर्मणा स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ।।४।।

સિતળ શાન્ત સફેદ પવિત્ર અને સ્વચ્છ ખેસ ધારણ કરેલ છે. અને સતત ગાઢ જંગલમાં એકલા જ વિચરણ કરવાનું મને ઘણુંજ ગમે છે. બ્રહ્મચર્ય વ્રતની રક્ષા માટે કોપીન વસ્ત્ર બહુજ મજબુત કઠણ કરીને બાંધવાની ટેવ છે. તપ કરવા અને મંત્ર જપ કરવા સુન્દર અને શ્રેષ્ઠ મૃગચર્મ ઉપર વિરાજમાન થઇને નિત્ય કર્મ અને પૂજા વિગેરે કરે છે. તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થઇને તપસ્વીના જેવો વર્ણિનો વેષ ધારણ કરીને વનમાં નિવાસ કરતાં પ્રભુ મારા જપ તપ ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિની રક્ષા કરો. (૪)

दधच्चकण्ठे तनुतौलसीं स्त्रजं सनामपाणौ जपमालिकां तथा ।
सचन्द्रमध्योर्ध्वतमालपत्रकः स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ।।५।।

જગતના હિત માટે તપસ્વી વર્ણિનો વેષ ધારણ કરેલા શ્રીરિએ પોતાના કંઠમાં તુલસીના લાકડામાંથી બનાવેલી કંઠી ગળામાં ધારણ કરી છે, અને જમણા હાથમાં મહામંત્રનો અને નામ મંત્રનો જપ કરવા માટે તુલસીની ૧૦૮ મણકા વાળી માળા ધારણ કરીને નામીએ સહિત અંખડ નામનો જપ કરે છે. પોતાના વિશાળ ભાલમાં કપાળમાં ઉર્ધ્વપુંઠું તિલક ચાંદલાએ સહિત કરેલ છે. એવા તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થઇને તપસ્વીના જેવો વર્ણિનો વેષ ધારણ કરીને વનમાં નિવાસ કરતાં પ્રભુ મારા જપ તપ ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિની રક્ષા કરો. (૫)

तनूतरस्कन्धनिषक्तपुस्तको रतः सदा बालमुकुन्दपूजने ।
वनेचरैः सिद्धगणैस्तु सेवितः स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ।।६।।

પિતા ધર્મદેવ અને વિદ્વાન પંડિતો પાસેથી ભણીને જે આઠ સન્શાસ્ત્રોના સારનો ગુટકો લખ્યો છે તે પુસ્તક પોતાને નિત્ય પાઠ માટે સાથે રાખે છે તેને વસ્ત્રમાં વિટીને કંઠે ગળા સાથે બાંધી રાખેલ છે. અને દરરોજ સવારમાં નિત્યપૂજામાં બાળમુકુન્દના સ્વરૂપની પૂજા કરે છે . વનમાં રહેનારા વનવાસીઓ વર્ણિની આવી કઠોર તરશ્ચર્યાના દર્શન કરીને તે શ્રીહરિની પૂજા કરવા લાગ્યા છે. તેમને જોઇને કેટલાંક મંત્રની સાધના અને અષ્ટાંગ યોગને સિદ્ધ કરનારા સિદ્ધો પણ વર્ણિની પૂજા કરવામાં જોડાઇ ગય છે. તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થઇને તપસ્વીના જેવો વર્ણિનો વેષ ધારણ કરીને વનમાં નિવાસ કરતાં પ્રભુ મારા જપ તપ ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિની રક્ષા કરો. (૬)

(અનુ. પેજ નં. ૧૧ પર)

# દયાના સાગર શ્રીહરિ

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)



તમારે કંઈ મહારાજને કહેવું છે ?

એક સંત મહારાજ પાસે ગઢપુર જઈ રહ્યા હતા તેમણે ભગા દોશીને પૂછ્યું. ભગા દોશીની આંખમાં આંસુ આવી ગયા. તેમણે કહ્યું, મને મહાપ્રભુને મળવાની ઘણીયે ઈચ્છા છે પરંતુ આ તાવ શરીરમાંથી ખસતો નથી. આ વીજળી, મેઘગર્જના, વરસાદ અને રાતનો સમય એમાં શી રીતે આવું? તમે મહારાજને મારા ઘણા કરીને જય નારાયણ કહેજો.

સંતે ગઢપુરની વાટ પકડી, ઝરમર ઝરમર વરસાદ, ચમકતી વીજળી અને ગરજતો મેઘ એવા માહોલમાં શ્રીહરિનું સ્મરણ કરતા કરતા સંત ધીમે પગલે ચાલી રહ્યા હતા. વાટમાં બધે પાણી ભરાઈ ગયાં છે. ગઢપુરના પાદર નજીક પહોંચ્યા અને દાદા ખાચરના દરબારના દરવાજે આવી સાંકળ ખખડાવી ત્યાં તો મુસળધાર વરસાદ કડાકા ભડાકા સાથે તૂટી પડ્યો. ભગતે દરવાજો ખોલી સંતને આવકાર આપતાં જય સ્વામિનારાયણ કહ્યાં. સંતે પણ સામા જય સ્વામિનારાયણ કહી પ્રતિભાવ આપ્યો. ભગતે પૂછ્યું, ભગા દોશી શું કરે છે ? સર્વ પરિવાર કુશળ છે ને ? સંતે કહ્યું, ભગાભાઈને તાવ આવે છે. ઉતરતો જ નથી. અને મારી સાથે આવવાની બહુ જ ઈચ્છા હતી પરંતુ વરસાદને કારણે આવવા અસમર્થ હતા. બાપડાની આંખમાં આંસુ આવી ગયા.

અક્ષર ઓરડીમાં શ્રીહરિ પોઢ્યા હતા તે જાગી ગયા. પહેરો ભરતા ભગુજીને પૂછ્યું, બહાર કોણ વાતો કરે છે ? ભગુજીએ કહ્યું, એક સંત અત્યારે બોટાદથી આવ્યા છે તે વાત કરે છે. મહારાજે કહ્યું, તેમને અહીં બોલાવો.

સંત આવીને દંડવત પ્રણામ કરવા લાગ્યા. શ્રીહરિ કહે છે મહાપુરૂષ ! કપડાં બદલીને આવો. ભીને કપડે શરદી થઈ જશે, તે સાધુ કપડાં બદલીને આવ્યા ત્યારે મહારાજે પૂછ્યું, તમે બહાર શું વાત કરતા હતા ?

સંતે કહ્યું, હે મહારાજ ! હું એમ વાત કહેતો હતો કે ભગા દોશીને મારી સાથે તમારા દર્શન કરવા માટે આવવાની બહુ જ ઈચ્છા હતી પરંતુ બાપડાને તાવ આવે છે. ઘણાએ ઔષધ કરવા છતાં તાવ ઉતરતો નથી. ખોરાક લેવાતો નથી. અશક્તિ આવી ગઈ છે. વળી આ વરસાદ વરસી રહ્યો છે તેમાં શી રીતે આવે ? બાપડાની આંખમાં આંસુ આવી ગયા મને કહેતા હતા કે હું ક્યારે મહારાજનાં દર્શન કરી શકીશ ?

વાત સાંભળીને મહારાજે ભગુજીને કહ્યું, માણકીને તૈયાર કરો. હું બોટાદ જઈ આવું. ભગુજીએ દાદા ખાચરને જગાડી કહ્યું કે મહારાજ આવા ધોધમાર વરસાદમાં બોટાદ જવા તૈયાર થયા છે.

દાદા ખાચર આવીને કહેવા લાગ્યા કે હે મહારાજ ! આવા ધોધમાર વરસાદમાં જવું રહેવા દો. શેરીમાં પાણી નદીની જેમ વહી રહ્યા છે. વગડામાં પણ પાણી બહુ જ ભરાઈ ગયાં હશે. આપ પલળી જશો. શરદી થઈ જશે. માટે અત્યારે જવું રહેવા દો. સવારે વરસાદનું જોર ઓછું થઈ જશે. તો સવારે જજો. બધાએ બહુ સમજાવ્યા પણ શ્રીહરિ પોતાના નિર્ણયમાં અડગ રહ્યાં અને કહ્યું, ના, ના મારે અત્યારે જ જવું છે એમ કહેતાં કહેતાં માથે પાઘ મૂકી. ઉપર બોકાની બાંધી. પછી મારી ચિંતા કરતા નહિ હું

સવારે વહેલો આવી જઈશ એમ કહીને ચાલતા થયા.

બોટાદ પહોંચીને ભગાદોશીની ડેલી ખખડાવી. ભગતે ડેલી ખોલી ત્યાં તો મહારાજને જોયા. આશ્ચર્ય પામીને ભગા દોશીને કહ્યું, ભગાભાઈ મહારાજ પધાર્યા જુઓ તો ખરા ! મહારાજે માણકી પરથી ઉતરી બોકાની તથા પાઘ માણકી ઉપર જ મુકી ભગા દોશી પાસે આવ્યા અને પૂછ્યું, ભગાભાઈ કેમ છે ? તાવ નથી ઉતરતો ? ભગા દોશીની આંખો આંસુથી ઉભરાવા માંડી. પરાણે બેઠા થવા મથતા તેમણે કહ્યું, અરે મારા બાપ ! આવા ધોધમાર વરસાદમાં આપ અહીં પધાર્યા ! આ ઋણ હું ક્યા ભવે ચૂકવીશ ! મારા માટે આપ કેટલા બધા હેરાન થયા એમ કહેતા કહેતા બેઠા થવા જાય છે પણ થવાતું નથી.

શ્રીહરિ બોલ્યા, ભગાભાઈ તમે સૂઈ રહો બેઠા નથી થવું. હું સ્હેજ પણ હેરાન નથી થયો. એવું કહીને મહારાજે તેના માથે હાથ ફેરવ્યો. પછી કહ્યું, તમારો તાવ આજથી ગયો. હવે સારું થઈ જશે પણ ગઢપુર આવજો. જેમ તમે મને યાદ કરતા હતા તેમ હું પણ તમને યાદ કરતો હતો. તમે માંદા છો એવા સમાચાર સાંભળતાં જ મારું મન તમને મળવા બેચેન હતું. એટલે હું તમને મળવા આવ્યો. હવે કાંઈ ચિંતા કરશો નહિ બધું મટી જશે. લ્યો ત્યારે હવે મને રજા આપો હું જાઉં. ગઢપુરના ભક્તો મારી ચિંતા કરતા હશે. તમે સાજા થઈ જાઓ પછી ગઢપુર જરૂર આવજો. એવું કહીને શ્રીહરિ માણકી પર સવાર થઈને ચાલતા થયા ત્યારે ભગા દોશીએ ભીની આંખે કહ્યું, હે મહારાજ ! પધારો બાપલા પધારજો.

શ્રીહરિ વહેલી સવારે ગોપીનાથજી મહારાજ જાગે તે પહેલાં ગઢપુર પહોંચી ગયા. વરસાદ પણ અટકી ગયો હતો.

**નિજ સુખ અરથે લેશ નહિ જત્ન કરત જગદીશ**

(અનુ. પેજ નં. ૯ પરનું)

सर्सिंहशार्दूलवराहवारणैर्महामृगैर्वेलगणैश्च संकुले ।
वनेऽपि धीरो विचरन्नभीतिकः स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ॥७॥

કાર્ય સાધયમ વા દેહં પાતયામિ નો સિદ્ધાન્ત મનમાં નક્કી કરી રાખ્યો છે , તેથી મહા ભયાનક વનમાં કે જ્યાં વિકરાળ સિંહો ભયાનક વાઘો જંગલી માંસ ભક્ષી ભંડો મોટા મોટા શિંગડા વાળા હરણો ડાઓ હાથીઓ અને વરૂઓના જુડો વાળા વિસ્તારમાં નિર્ભયતા પૂર્વક એકલા વિચરણ કરે છે. અને ક્યારેય પણ પોતાની ઈચ્છા પૂર્ણ કરવામાં સહાય રૂપ ધીરજનો ત્યાગ કરતાં નથી , સદા ભયહોવા છતાં ધીરજ છોડતા નથી નિરભય રહે છે .એવા તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થઈને તપસ્વીના જેવો વર્ણિનો વેષ ધારણ કરીને વનમાં નિવાસ કરતાં પ્રભુ મારા જપ તપ ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિની રક્ષા કરો. (૭)

सदात्मदर्शी फलकन्दभोजनो वने निवासो यदि दुःखदः खलु ।
तथाऽपि तत्रापि सुखो महामतिः स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ॥८॥

હમેંશા સર્વકાળમાં પોતાના આત્મનું ચિત્તવન કરે છે. કાયમ ફળ મૂળ અને વૃક્ષના પાંદડાંનો જ આહાર કરે છે ખાય છે. વનમાં રહેવું તે મનુષ્ય શરીર ધારીને ઘણું દુઃખદાયક છે. છતાં વર્ણિરાજ શ્રીહરિને તો તેમાં જ આનન્દ આવે છે. વનમાં રહીને તપ કરવું અને ભગવાનને રાજી કરવા એ જ તેમની બુદ્ધિમાં સમજણ છે. એવા તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ ધર્મદેવના પુત્ર રૂપે પ્રગટ થઈને તપસ્વીના જેવો વર્ણિનો વેષ ધારણ કરીને વનમાં નિવાસ કરતાં પ્રભુ મારા જપ તપ ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિની રક્ષા કરો. (૮)

**શ્રી સ્વામિનારાયણ માસિક નવેમ્બર-૨૦૧૮ કેલેન્ડરના રૂપમાં પ્રાપ્ત થશે.**

શ્રી સ્વામિનારાયણ માસિકના સર્વે સભ્યોને જણાવવાનું જે, આગામી નવેમ્બર-૨૦૧૮ શ્રીસ્વામિનારાયણ અંક આપને કેલેન્ડરના સ્વરૂપમાં મળશે. ત્યારબાદ ડિસેમ્બર-૨૦૧૮નો અંક ડિસેમ્બર માસમાં પ્રકાશિત થશે. જેની સૌ હરિભક્તોએ નોંધ લેવી.

# આ તો વાત અતોલ અપાર

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

જગતમાં કોઈ મનુષ્યને વિષે આશ્ચર્યજનક વાત જાણવા મળે ત્યારે તરત જ હેં ! શું વાત કરો છો !'' આવા ઉદ્‌ગાર અવશ્ય સરી પડે છે.

શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુના જીવન-વિચરણ દરમ્યાન લક્ષાવધિ મનુષ્યો એમના સંપર્કમાં આવ્યા અને નિયમમાં વર્તાવ્યા. એમાંથી જે જે મુમુક્ષુજનોએ એમનો અડગ નિશ્ચય અને દૃઢ આશ્રય કર્યો એ સર્વે બાઈ-ભાઈ, આબાલ વૃદ્ધ એ સૌને કોઈ ને કોઈ વિશેષ પરચો જરૂર મળ્યો છે. એમનાં અંત સમયે સ્વયં શ્રીહરિ વિમાન, હાથી કે રથ ઉપર બેસીને સંતો સહિત એમને તેડવા આવ્યા છે. પરમેશ્વરના સર્વે અવતારોમાં માત્ર શ્રી સ્વામિનારાયણ ભગવાનને એટલે જ સર્વે અવતારોના અવતારી અને સર્વોપરિ તરીકે આપણે ભજીએ છીએ.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના અવતાર પ્રયોજનની વિશેષતા એ હતી કે શ્રીહરિ સ્વયં સામે ચાલીને સત્સંગીજનોનાં ઘેર ઘેર પધાર્યા છે અને દર્શન સુખ આપ્યું છે.

**ફરી દિયે દર્શન અતિ સોંઘા થયા ભગવાન**
**મોટા મુનિના ધ્યાનમાં નાવે તે અણતેડે આંગણે આવે !**

પરમેશ્વર સ્વયં સામે ચાલીને ઘરે પધારે અને દર્શન દાન આપે ! કેવી અતોલ વાત છે આ.

ગામ, નગર કે શહેરમાં જ્યારે જ્યારે શ્રીજી મહારાજ પધારવાનાં હોય ત્યારે ભક્તજનોનાં હૈયા હિલોળે ચઢે. વાજતે ગાજતે, ઢોલ ત્રાંસા સહિત કીર્તન ગાતાં ગાતાં મહારાજને પોતાના ગામ નગર કે શહેરમાં શોભાયાત્રા રૂપે એમને પોતાના ઘેર કે મહેલમાં પધરામણી કરાવે અને શ્રીહરિ પણ શોભાયાત્રા માટે ક્યારેય ના ન પાડે. કેમ કે નગરની શેરીએ અટારીએ, અટારીએ અસંખ્ય જનો શ્રીહરિનાં દર્શન કરે અને એમનાં એ 'દર્શનદાન' થી પણ એ જીવોનું કલ્યાણ થાય એ જ એક માત્ર આશય નહિ કે પોતાની મોટ્યપ બતાવવી. અને પાછી મોહનવરની મૂર્તિ પણ કેવી !

**જોઈ મોહનને મન મોહ્યું, નોતું જોવું તેણે પણ જોયું**
**એમ સહુના લીધાં ચિત્ત ચોરી, કરે કેમ જેને હાથ દોરી.**

અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ આજે પૃથ્વી ઉપર નિરમાની બનીને - માત્રને માત્ર જીવોનાં કલ્યાણને વાસ્તે જ અવની ઉપર અવિરત વિચરણ કરી રહ્યાં છે.

આ વાત શું અતોલ અપાર નથી ?

**થઈ નાથ આપે નિરમાન, કરે સંસારીનું સનમાન**
**વળી સહે જગ ઉપહાસ, તોય ન કરે માન અવિનાશ.**

આવા નિરમાની ભગવાનનાં આપણે દાસ છીએ અને એટલે જ

**જેના નિરમાની ભગવાન તેના જનને જોયે કેમ માન**

મહારાજની વાત અતિશય અલૌકિક છે - અતિ સુક્ષ્મ છે ને છતાં સ્થૂળ પણ છે અર્થાત્ જેને પામવા માટે ઋષિમુનિઓ, મહર્ષિઓ - શરીર ઉપરા રાફડા થઈ જાય ત્યાં સુધી તપ કર્યા કરતાં તો પણ પરમેશ્વરનાં દર્શન થાય કે ના પણ થાય પરંતુ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન જેમણે જેમણે કર્યા અને જેમણે જેમણે શ્રીહરિનાં વચનને વિષે વિશ્વાસ આવ્યો અને સર્વે વાસના તોડીને માત્ર શ્રીહરિની મૂર્તિનું અખંડ અનુસંધાન રાખ્યું તે સર્વેને અંત સમયે મહારાજ સ્વંય પધારીને એમને પોતાના ધામમાં તેડી ગયા છે.

આ વાત કંઈ સામાન્ય નથી, અતિ અસામાન્ય છે - અતોલ છે - અપાર છે. જગતનાં કોઈ સંપ્રદાયમાં આવી અદ્‌ભુત વાત જાણવા કે સાંભળવા મળશે નહિ. આવી અદ્‌ભુત વાત તો માત્રને માત્ર સર્વે અવતારના અવતારી એવા સુખકારી સહજાનંદજી મહારાજથી જ શક્ય બને અને આજ પર્યંત એ પ્રણાલિ જળવાઈ રહી છે અને કારણ પણ સ્પષ્ટ છે. શ્રીહરિનાં રંગે રંગાયા પછી સાચા સત્સંગીના અંતરમાં આમ જ વર્તાય -

**સર્વે અવતારના અવતારી તે જ સહજાનંદ સુખકારી**
**ઉદય અસ્તમાંઈ એક જ વાત, પ્રભુ સહજાનંદજી સાક્ષાત્**

આવા ભક્તજનને અંતરમાં ક્યારેય ન્યૂનપણું વર્તાય નહિ - એનું અંતર પૂર્ણકામપણાના ભાવથી હરહંમેશ છલોછલ હોય - એને તો એમ જ રહે કે

મોટી વાત છે મહારાજ તણી કહી ન જાય મુખથી ઘણી. એને તો કોઈ વાતની ફીકર રહેતી નથી એ તો એમ જ સમજે છે - મારો મહારાજ મારી સાથે છે પછી દુઃખ શાનું ? આવો અડગ વિશ્વાસ એ સત્સંગીને હરહંમેશ રહે છે.

અને સાચું પૂછો તો આ બધો પ્રતાપ આ બધો કેફ માત્ર ને માત્ર શ્રીહરિનાં ઐશ્વર્યનો જ છે. નવ મહામંદિરો અને ત્યાર પછી ધર્મવંશી આચાર્ય થકી પ્રતિષ્ઠિત સર્વે મંદિરોની મૂર્તિમાં શ્રીહરિ સાક્ષાત્‌પણે વિરાજી રહ્યા છે. નિત્ય પ્રત્યે મંદિરમાં જઈને એ પરમેશ્વરનાં દર્શન કરીએ પછી અન્નાયાસે જ શ્રીહરિની એ મનોહર મૂર્તિ વારે વારે, સાંભરી આવે જ.

આપણા મહારાજ, આપણા મંદિરો, આપણા આચાર્યશ્રી, આપણા સંતો અને આપણાં સત્સંગી - આ સર્વેની વાત અનોખી છે અને અલૌકિક પણ છે - ભલે ને આપણને સ્થૂળ સ્વરૂપે કાંઈ ન સમજાય પરંતુ જગતમાત્રમાં આપણાં સત્સંગ જેવો આનંદ બીજે ક્યાંય નથી.

નિષ્કુળાનંદ સ્વામીએ આવા ભગવાન અને આવાં ભક્તજનોનો મહિમા ખૂબ ખૂબ ગાયો છે.

**“જે જે સમરે સહજાનંદ તે તે પામે છે અખંડ આનંદ**
**તેનો તોલ માપ નવ થાય, તે કેમ નિષ્કુળાનંદે લખાય.**
**આવી વાત કહો કિયાં હોય સત્સંગ વિના બીજે નોય**
**જુઓ સર્વે સત્સંગ માંઈ, સદા સુખ દુઃખ નહિ કાંઈ**
**નિત્ય સહાય કરે સહજાનંદ જોઈ મગન રહે જનવૃંદ**

સુખકારી સ્વામી સહજાનંદજી મળ્યા એથી અતોલ અને અપાર વાત બીજી કઈ હોઈ શકે ?

માટે આપણાં પુણ્ય અપાર, ભલે આવ્યો આ સમે અવતાર અતિ આપણાં ભાગ્ય અતોલ ત્રિલોકે નહિ આપણી તોલ.

અનંતકોટી ત્રિલોકીના સ્વામી આપણને મળયા છે પછી ત્રિલોકમાં આપણી તોલ ક્યાંથી હોય ? અને આ વાત જ અતિ અપાર અને અતોલ નથી લાગતી !

## દીપોત્સવી કાર્યક્રમ

**ચોપડા ખરીદવા માટે :** આસો વદ-૭ ને બુધવાર તા. ૩૧-૧૦-૧૮ ના રોજ પુષ્ય નક્ષત્ર હોવાથી ચોપડા ખરીદવા મુહૂર્ત સારું છે.

**ધનતેરશ :** આસો વદ-૧૩ સોમવાર તા. ૫-૧૧-૨૦૧૮ મહાલક્ષ્મીપૂજન સમય સવારે ૯-૩૬ થી ૧૧-૦૦ સુધી, ૧૩-૪૧ થી ૧૯-૩૫ સુધી, રાત્રે ૨૨-૪૭થી ૨૪-૨૫ સુધી

**કાળી ચૌદશ :** આસો વદ-૧૪ મંગળવાર તા. ૬-૧૧-૨૦૧૮ કાલુપુર મંદિર શ્રી હનુમાનજી મહારાજનું પૂજન સાંજે ૭-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થશે.

**દિવાળી :** આસો વદ-૩૦ બુધવાર તા. ૭-૧૧-૨૦૧૮ **સમૂહ શારદા પૂજન-ચોપડા પૂજન** સાંજે ૭-૩૫ કલાકે અમદાવાદ કાલુપુર મંદિરના સભા મંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થશે.

**નૂતનવર્ષ : સં. ૨૦૭૫** કારતક સુદ-૧ ગુરુવાર તા. ૮-૧૧-૨૦૧૮

**મંગળા આરતી સવારે : ૫-૦૦ કલાકે**
**શણગાર આરતી સવારે : ૬-૩૦ કલાકે**
**ગોવર્ધન પૂજા સવારે : ૮-૦૦ કલાકે**
**રાજભોગ આરતી સવારે : ૧૨-૦૦ કલાકે**
**અન્નકૂટ દર્શન બપોરે : ૧૨-૦૦ થી 3-30 સુધી**

શ્રીહરિના ૬ઠ્ઠા, ૭ માં અને ૮ માં વંશજના વરદ્ હસ્તે થશે.

નૂતન વર્ષના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કાલુપુર મંદિરમાં પોતાની બેઠકમાં સૌ ભક્તજનોને દર્શન આપશે.

સૂચના : સમૂહ શારદા પૂજનમાં લાભ લેનાર ભક્તોએ પોતાના ૨ ચોપડા લાલ કલરના કપડામાં સરનામું, ફોન, મોબાઈલ નંબર લખીને કોઠાર ઓફિસમાં રૂા. ૪૦૦/- ભરીને પહોંચ અને નંબર મેળવી લેવો.

(શ્રી કમલેશભાઈ ગોર)

શ્રી
સ્વામિનારાયણ
મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....
# શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટા

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ

ભગવાન શ્રીહરિએ મનુષ્ય તન ધારણ કરીને જે જે લીલાઓ કરી હતી તેનું અતિ સુંદર યશોગાન સંપ્રદાયના સમર્થ નંદ સંતોએ કર્યું છે. શ્રીહરિની દૈનિક સ્વાભાવિક ચેષ્ટાના પદોનું ગાન પ્રતિદિન રાત્રે, અવશ્યપણે હર એક મંદિરમાં થાય છે  જ. આ ચેષ્ટાના પદો કે જે પ્રેમાનંદ સ્વામી રચિત છે - જે ગરબી રાગમાં ગવાય છે. તેનું ગાન જો શ્રીહરિની મૂર્તિને સંભારીને પ્રીતિપૂર્વક કરવામાં આવે તો તેનું ફળ દશમસ્કંધના વાચન શ્રવણ જેટલું થાય તેવું મોટેરા સંતો જણાવે છે.

જેમ શ્રીહરિએ શિક્ષાપત્રી સંસ્કૃતમાં રચી પછી તેનું હાર્દ જાળવીને તે જ શિક્ષાપત્રીની રચના, બ્રહ્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી આદિ સંતોએ અન્ય ભાષામાં પણ રચી. જેથી જે તે પ્રાંતની ભાષા ધરાવનાર ભક્તજનોને તેનો પાઠ કરવામાં - સમજવામાં સુગમતા રહે. આવી જ રીતે, પ્રેમાનંદ સ્વામીએ રચેલા ચેષ્ટાના પદોને ધ્યાનમાં રાખીને જ્ઞાનાનંદ સ્વામીએ તેને હિન્દી ભાષામાં પણ રચ્યાં છે.

જ્ઞાનાનંદ સ્વામી પોતે હિન્દી ભાષી હતા. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજીની સાથે અતિશય હેત પ્રેમ ધરાવતા અને તેમની સેવા કરતા. પોતે વિદ્વાન હોવાથી તેમણે ચેષ્ટાના પદોને હિન્દી સ્વરુપ આપ્યું જેથી કરીને હિન્દી ભાષી હરિભક્તોને વધુ સુગમતા થાય. આ પદોની હસ્તલિખિત પ્રત શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સચવાયેલી છે. સંપ્રદાયના ઈતિહાસમાં આજ દિન સુધી અપ્રકાશિત રહેલા આ પદોને પ.પૂ. મોટા મહારાજશ્રીની અનુમતિથી સર્વેને સંપ્રદાયના બૌધ્ધિક વારસાનો ખ્યાલ આવે તે હેતુથી અત્રે સ.ગુ. જ્ઞાનાનંદ સ્વામીની કૃતિ અક્ષરઃસહ રજૂ કરેલી છે.

राग रेखता पद-१

प्रगट हरिके में गुन गावे, चरन उर राखी चित्त लावे
महामुनि बसि करी मनको, ध्यान धरि रहत है जिनको ।।१।।
जिनोको भजत त्रिपुरारी, परम तप करत अविकारी
शेष नित रटत हे जिनको, पार नहि मिलत है तिनको ।।२।।
अगम करी निगम जसु गावे, जिनोको पार नहि पावे
सोई प्रभु फिरत तनु धारी, करत बहु चरित सुखकारी ।।३।।
हरिजीके चरति अधहारी, संभारत हे जे नरनारी
लगनमें मगन जे कोई, कहत ज्ञानानंद धन्य सोई ।।४।।

पद-२

जो प्रभुके चरित संभारे, अंतरमें मूरतिको धारे
सुनत सब दुख टरी जावे, व फरी भवमें नहि आवे ।१।।
चरित भगवतके अति भारी, कहकुं सुध होई मति मारी
सहज बेठत हरि जबही, तुलसी माला जपत तबही ।।२।।
तरक करी हसत वृषलाला, कोईककी मागी लेई माला
दोहरी करी द्वि द्वि मनि जोरे, जपत खेंचत माला तोरे ।।३।।
अलौकीक चरित अधहारी, सुनत चित्त देई नरनारी
लीला भगवतकी जीन गाई, कहत ज्ञानानंद सुखदाई ।।४।।

पद-३

बात करी तरकको करता, भेगी करी माला कर घसता
कोईक समे द्रग मुदि स्वामी, ध्यान धरी रहत है धामी ।।१।।
सुनो सब चरित भगवतको, सुनत सुख मिलत महाब्रतको
कोईक समे नयन ऊधारी, सबनको देखी सुखकारी ।।२।।
कोईक समे चमकत है स्वामी, निरखी दुख हरत बहुनामी
सभा आगे बैठी रही भारी, संत सब रहे है निहारी ।।३।।
ध्यान धरी बयठे है मुरारी, निरखी दुख मिटत हे भारी
संतजन भजनको गावे, कहत ज्ञानानंद सुख पावे ।।४।।

पद-४

निरखी हरिको चरित भारी, मगन सब संत नरनारी
तिनके संग चुटकी दई गावे, संत सब निरखी सुख पावे ।।१।।



कोईक समे गावे दई तारी, मगन होई फिरत बनवारी
संत आगे भजनको गावे, कथा आगे आप वचावे ॥२॥
आप करे वात सुखकारी, सुत देई चित्तन नरनारी
मनुष लीला बहु करत स्वामी, भक्त मध्ये बयठे बहुनामी ॥३॥
हरि समुजावे निजजनको, वचन कही सांत करी मनको
सांख्य योग शास्त्र सुनावे, रहस्य पंचरात्रकों कावे ॥४॥
मनुष सब देशके आवे, उछव पर पुजा बहु लावे
सेवक अपन जानि अविनाशी, ग्रहन करे पूजा सुखराशि ॥५॥
भक्त अपनेको भगवान, कराई ध्यान खेंचे नाडी प्रान
ध्यानमां ते उठावे निजजनको, कहत ज्ञानानंद धन्य तिनको ॥६॥

पद-५

देहमांही लावे ईन्द्रि प्रानको, वात करी समुजावे ज्ञानको
बयठे होये सभामें अविनाशी, कोईक जनने बोलावे पासि ॥१॥
हाथ अखियनसे करी सान, बोलावहि हितसे भगवान
मोहनके चरित सुखकारी, सुनत रहे मगन दुख टारी ॥२॥
कोईक वात करे संतन साथ, फुल मिंजे लई दोनु हाथ
सितल जानी हार गुलाबके, राखे द्रग उपरे दाबके ॥३॥
कोईक समे खुसीमां आवे, वात करी कथा वचावे
भजन सुनत कछु विचारे, कहत ज्ञानानंद उर धारे ॥४॥

पद-६

पूछनेको आवे जेमनेको कोई, चढावे हार पूजा करत कोई
कथा सुनते बिचमें बोलावे, तिनको बहु रिवजी रीसावे ॥१॥
मरम कथाको सुनत डोले, हरे हरे कहिके हसि बोले
कथा मिषे दुसरी क्रियामांई, जेमत हरे बोलाई जाई ॥२॥
समरति आवे आपको जबही, भक्त सामु देखी हसत तबहि
दिन दिन हरि सुख रस बरसावे, लीलाको जसु देखी संत गावे ॥३॥
सुनो सखी दिव्य मुरारी, चरित करे मनुष्य तनु धारी
मनोहर मोहन मन भायो, कहत ज्ञानानंद सुख पायो ॥४॥

पद-७

प्रगट किये चरित अतिभारी, देखत भये सुखित नरनारी
पलंग पर बयठे घनश्याम, विराजीत सुंदर सुखधाम ॥१॥
कोईक समे तखत विराजे, रुप देखी कोटी मदन लाजे
पलंग पर देखीके तकिया, उपर बयठे श्याम होये सुखिया ॥२॥
बहुत बेयठे तकीये पीठी दईके, जानु बांधी बयठे वसन लईके
कोईक समे राजी भगवान, मिलत हे श्याम सुजान ॥३॥
माथे धरे लई दोनो हाथ, छातिमां धरे पग दोनु नाथ
कऊको दियो हार गिरधारी, कहत ज्ञानानंद दुखहारी ॥४॥

पद-८

काऊको देवे चरन बनवारी, प्रसादी देवे काउको मुरारी
क्रपा करे भक्त पे स्वामी, वात करी समुजावे बहुनामी ॥१
चरित करे बहुत पवित्रकारी, गावे नित महामुनि संभारी
दांत बीच जीभको दबावे, दहिने बांये फेरवे सुभावे ॥२॥
छींक आवे तर्त वसन लेवे, छीक खात ते मुख पर देवे
तरक करीके हसत श्याम, हसावत सबको सुखधाम ॥३॥
कोईक समे वात करत देव, सुनत जन सब करत सेव
क्रपा बहु करत हे स्वामी, कहत ज्ञानानंद बहुनामी ॥४॥

पद-९

देखी दुख हरत हे जनको, परम सुख देत संतनको
कोईको दुख देखी दया लावे, अन्न धन देईके सुख पावे ॥१॥
क्रपा करी कही सुभग वानी, परम सुख देत जन जानी
दोउ कांधे वसनको धारी, चले मगजात विहारी ॥२॥
कोईक समे कर कमर धारी, चलत अति सोहत गिरधारी
विनोदिन लीला करी भारी, नीरखी तरी जात नरनारी ॥३॥
सहज सुभावे चले जावे, हेत करी सवन मन भावे
कोईक समे धोडे चढी जावे, कहत ज्ञानानंद मन भावे ॥४॥

पद-१०

संत सभामें जो हरि जावे, पीरसी करी संत जेमावे
बांये कांधे वसनको डारी, कमर कसी बांधे सुखकारी ॥१॥
पीरसे लाडु जलेबी घनश्याम, जेमनकी वस्तु लै तिनको नाम
फिरे बहुवार महाराजा, जेमावन संतनके काजा ॥२॥
भक्ति श्रध्धा बहुत पिरसता, देवे लाडु कोईके मुख हसता
राति रहे चारी घरी जबही, दतुनी करवा उठे हरि तबही ॥३॥
बयठी करी स्नान करे स्वामी, बहुत जल डाले बहुनामी
करत स्नान हरि जबही, देखत ज्ञानानंद नित तेही ॥४॥

पद-११

नाई करी खडे प्रभु होवे, वसनको करकरि निचोवे
सर्व तन पोछिके भगवान, पहिंरे धोती श्याम सुजान ॥१॥
पिछोरी ओढी मखमलकी सारी, जेमनेको आवे सुंदर गिरधारी
पिछोरी ओढी बयठे हरि जेमवा, उधाडा करी कान मन गमवा ॥२॥
जेमत हरि जलेबी सारी, सुतरफेनी बरफी अधिक प्यारी

दुधपाक शीरापुरी ताजी, जेमत प्रभु होईके बहु राजी ॥३॥
जेमत बाँयो पग थिर धारी, उपर बाँयो कर धरे बनवारी
दहीनो पग राखी खडा श्याम, सोहत ज्ञानानंदको सुखधाम ॥४॥

पद-१२

सुखे जमे देवन के देव, वेराउवेर पानी पीवाकी टेव
भोजन कछु स्वाद जेमत आवे, पास बयठे हरिजन मनभावे ॥१॥
तिनोको देईके आप सोरवावे, जेमत प्रभु सबके मन भावे
जेमत हरि उडकारको खावे, उदर पर हाथ फिरावे ॥२॥
अचवन करे खडे होईके, दांत खोदे वदनको धोईके
पलंग पर बयठे भगवान, हरिजन देवे मुखमें विरिपान ॥३॥
केसरी चंदनको लई आवे, करत पूजा हरिजन भावे
दरशन करी पग लागी जावे, कहत ज्ञानानंद सुख पावे ॥४

पद-१३

मौंहन उपर पेंचको लईके, पगियाको बांधे सुंदर चित्त दर्दके
वरवारी तु सरद जब आवे, नदि धेला स्नान करन जावे ॥१॥
साथ हरिजन ले घनश्याम,नहावा जावे सुंदर सुखधाम
जलमें क्रिडा करत अति भावे, पानीमें तारी दई भजन गावे ॥२॥
स्नान करी वसनके धारी, घोडे चढी आवे गिरधारी
पवित्र जसु गावत जन आवे, प्रभुको देखी आनंदको पावे ॥३॥
गढपुरजन देखीके भगवान, सुफल करे लोचन मन प्रान
बिराजीत महोलमें आई, कहत ज्ञानानंद सुख पाई ॥४॥

पद-१४

मुमुक्षु जनके सुख काजा, प्रगट भये मोहन महराजा
धर्म घर धर्यो अवतार, किये बहु पतित भवपार ॥१॥
सभा करी बयठे भगवान, देत शिखावन जीवन प्रान
ज्ञान वैराग्य धर्म भक्ति, सिखावत सवनको विक्ति ॥२॥
बह्मरस वरसावे महाराज, त्रपत करि देवे सर्व समाज
वियारु करत सुखे श्याम, राति मही पोढत सुखधाम ॥३॥
भाल बिच अंगुरी फेरवे, तिलककी नाईसो धरवे
मागी करी मालाको लईके, जपत ज्ञानानंद चित्त दर्दके ॥४॥

पद-१५

परे नहि भूल सो कबहू, सहज ये ही नेम हे तबहु
पोठे करि निंद्रा भगवान, छुवत कोई आई आजान ॥१॥
चमकी जगही सुंदर श्याम, कौन पूछही पूरनकाम
हरिकी लीला बहुत अपार, कोईक गावे मति अनुसार ॥२॥
जो कोईक सिखे सुने गावे, परम भक्तिको सो पावे
लोक परलोक जहां जावे, तहां तहां सुजसको पावे ॥३॥
चरित मोहनके अविकारी, निरखी गायो में संभारी
कहत ज्ञानानंद नित देखे, जनम सुख सुफल करी लेखे ॥४॥

**ધનતેરશ તા. ૫-૧૧-૨૦૧૮ સોમવાર**

પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે લક્ષ્મીપૂજન સંપન્ન થશે.
પાંચ, દશ અને વીસ ગ્રામના પ્રસાદીના સિક્કા મ્યુઝિયમમાંથી મળશે.

**કાળી ચૌદશ તા. ૬-૧૧-૨૦૧૮ મંગળવાર**

પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી મ્યુઝિયમમાં પધરાવેલ પ્રસાદીના શ્રી હનુમાનજીનું વિશેષ પૂજન તા. ૬-૧૧-૨૦૧૮ મંગળવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ સંપન્ન થશે.
રૂા. ૧૧૦૦/- ભરી સજોડે પૂજામાં બેસી શકાશે.
સંપર્ક : સ્વામિનારાયણ મ્યુઝિયમ : ૦૭૯-૨૭૪૮૯૫૯૭ ● દાસભાઈ : ૯૯૨૫૦૪૨૬૮૬

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**
પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.
મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - સપ્ટેમ્બર-૨૦૧૮

| | |
|---|---|
| રૂા. ૨૧,૦૦૦/- | એક સત્સંગી હરિભગત, નૂતન યજ્ઞશાળા નિમિત્તે હ. સંદિપભાઈ શેઠ - અમદાવાદ |
| રૂા. ૧૫,૦૦૦/- | ચંદ્રિકાબેન શુકલ - નારણપુરા, અમદાવાદ (હાલ ઓસ્ટ્રેલીયા) - હ. હર્ષ શુકલ. |
| રૂા. ૭,૦૦૦/- | મૌલિક ઘનશ્યામભાઈ ગાંગાણી (સુરત) - ધુડકોટ - પહેલા પગાર નિમિત્તે. |
| રૂા. ૫,૫૦૦/- | સુધીરભાઈ પી.પટેલ - હર્ષદ કોલોની - બાપુનગર - હ. દાસભાઈ |
| રૂા. ૫,૧૨૧/- | અ.નિ. પ.ભ. મણીલાલ લક્ષ્મીચંદ ભાલજા સાહેબના ૧૧૬ મા જન્મદિન નિમિત્તે હ. પ્રબોધ ઝાલા તથા ડૉ. નિકુંજ આરીવાલા. |
| રૂા. ૫,૧૦૦/- | અ.નિ. મોહનલાલ શંકરલાલ જોષી - (ધોળકા)ની સ્મૃતિમાં - હ. વસુમતી કનૈયાલાલ વ્યાસ - અમદાવાદ. |
| રૂા. ૫,૦૦૦/- | અ.નિ. પુરૂષોત્તમદાસ જીવાભાઈ પટેલ - ઉવારસદ - હ. અરવિંદભાઈ પી. પટેલ પરિવાર |
| રૂા. ૫,૦૦૦/- | અ.નિ. રાજેન્દ્રભાઈ નેમચંદભાઈ સોની - વસ્ત્રાપુર - હ. બી.જી. સોની પરિવાર |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી સપ્ટેમ્બર-૧૮

| | |
|---|---|
| તા. ૦૨-૦૯-૧૮ | શ્રી મહિલા મંડળ સ્વામિનારાયણ મંદિર - કપડવંજ - હ. સાંખ્યયોગી મંજુબા |
| | (સાંજે) ઉનાવા મિત્ર મંડળ - હ. મનીષભાઈ પટેલ |
| તા. ૦૪-૦૯-૧૮ | વાર્ષિક પાટોત્સવ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા |
| તા. ૦૯-૦૯-૧૮ | રાજેશભાઈ પરસોત્તમદાસ પટેલ (ડાંગરવાવાળા - યુ.એસ.એ.) |
| | (સાંજે) શ્રી મહિલા મંડળ સ્વામિનારાયણ મંદિર (હવેલી - કાલુપુર) |
| તા. ૧૯-૦૯-૧૮ | ધનલક્ષ્મી કાંતિ હાલાઈ તથા વનિષા કાંતિ હાલાઈ - લંડન |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## ભગવાને વરદાન આપ્યું

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

વ્હાલા બાલમિત્રો ! તમે એવું ક્યારે પણ વિચાર્યું છે ખરૂં ! કે ભગવાન વરદાન માંગવાનું કહે તો શું માંગવું ! તો ચાલો આજે આપણે વરદાન માગવાની વાત કરીએ.

વાત એમ છે, સ્વામિનારાયણ ભગવાને સારંગપુરમાં પુષ્પદોલોત્સવ કર્યો. એ પ્રસંગે રંગોત્સવ પૂર્ણ કરી મહાપ્રભુ બધા સંતો અને ભક્તો સાથે નદીએ સ્નાન કરવા પધાર્યા. સ્નાન કરી આવીને મોટી સભા થઈ. એ સભામાં સ્વામિનારાયણ ભગવાન કહે છે - ‘‘આજે તો બહું આનંદ થયો. અમે ખૂબ રાજી થયા છીએ તો વરદાન માગો.'' શ્રીજી મહારાજ કહે છે, બહેનો ! પહેલાં તમે માંગો. બહેનો બે વિભાગમાં બેઠેલાં. એમાં એક વિભાગ હતો ગુર્જરિયા એટલે કે ગુજરાતમાંથી આવેલાં બહેનો અને એક ભાગમાં પાંચાલિકા એટલે કે સૌરાષ્ટ્રના પશ્ચિમ પંચાળના બહેનો. શ્રીજી મહારાજ કહે છે, ‘‘બોલો, જેને જોઈએ તે વરદાન માંગો.'' એમાં સૌરાષ્ટ્રના બહેનોએ તો રૂપિયા માંગ્યા. રૂપિયા માંગવા પાછળ સારો ઈરાદો હશે કે જો રૂપિયા મળે તો મહારાજ તમારી, સત્સંગની સેવા કરીએ. એટલે રૂપિયા માંગ્યા. પછી વારો આવ્યો ગુજરાતની બહેનોનો. બહેનો કહે છે, ‘‘મહારાજ ! આ જગત આખું દુઃખી થાય છે. એનું કારણ તમારી માયામાં બંધાયેલા છે. જગત આખું તમારી માયામાં લપેટાયેલું છે. માટે દુઃખી થાય છે. ગુજરાતની બહેનો આજે વરદાન માંગે છે. જેનું સત્સંગિભૂષણમાં વર્ણન છે. એવું જ વર્ણન નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણીમાં કર્યું છે. ‘‘મહાબળવંત માયા તમારી, જેણે આવરિયાં નરનારી, એવું વરદાન દીજિયે આપે, એહ માયા અમને ન વ્યાપે. વળી તમારે વિષે જીવન, નાવે મનુષ્ય બુદ્ધિ કોઈ દન, જે જે લીલા કરો તમે લાલ, તેને સમજુ અલૌકિક ખ્યાલ.'' હે મહારાજ ! જગતભરને પરેશાન કરતી જે તમારી માયા તે અમને તમારી ભક્તિમાં, સત્સંગમાં વિઘ્ન ન કરે. એવી કૃપા કરજો. અમારે એ વરદાન જોઈએ છીએ. તમારા વિષે ક્યારે પણ મનુષ્ય બુધ્ધિ ન આવે, તમે જે જે લીલાઓ કરો એ અલૌકિક છે, દિવ્ય છે. ભક્તસુખ માટે છે. ભક્તોના આનંદ માટે છે. એમ સમજીએ એવું વરદાન આપો.

સ્વામિનારાયણ ભગવાન કહે છે, ‘‘હે બહેનો ! તમારા સૌના ઉપર રાજી છીએ. અને તમે બંને વિભાગનાં બહેનોએ જે વરદાન માગ્યાં છે એ વરદાન બધાજ બહેનોને આપીએ છીએ. અમારી માયા તમને બંધન નહી કરે. અને આ નિર્બંધપણાનું વરદાન આપ્યું એ બધા બહેનોને મળ્યું. જે બેસી રહે એનું ભાગ્ય બેસી રહે, જે ચાલે એનું ભાગ્ય ચાલે. આ બહેનોએ માંગ્યું એટલે એમને મળ્યું. એટલે તો કહેવત છે કે - ‘‘માગ્યા વિના મા પણ ન આપે.''

મિત્રો ! જોયું ? કેવું અદ્‌ભુત વરદાન ગુજરાતના બહેનોએ માગ્યું ! હજુ વાત પુરી નથી થઈ. આગળ વાંચો બીજા વરદાનની વાત. શ્રીજી મહારાજ સારંગપુરમાં જયજયકાર કરે છે, એવામાં ગઢપુરથી અભયરાજા, દાદાખાચર આદિ ભક્તો તેડવા આવ્યા છે. એટલે મહારાજ જવા માટે તૈયાર થયા. ત્યારે સારંગપુરના જીવા ખાચર કહે છે, હે મહારાજ ! અમને વરદાન આપ્યા વગર જશો ? મહારાજ કહે, બોલો તમે પણ માગો. તમને જે વરદાન જોઈએ એ માંગી લો. ત્યારે જીવાખાચર કહે છે, મહારાજ ! મારે તો એવું વરદાન માગવું છે, થોડો સંકોચ થાય છે. બોલો બોલો. તમારે જે વરદાન માંગવું હોય એ વરદાન માંગો. અને તર્તજ જીવાખાચર કહે છે, મહારાજ ! મારે તો એ વરદાન માંગવું છે કે અમારૂં આ સાળંગપુર ગામ અને સાળંગપુરના ગામની સીમ એટલે કે બધી જમીન એમાં કોઈ પણ માણસનું મૃત્યું થાય એ તમારા ધામમાં જાય એને જમ લેવા ન આવે.

સ્વામિનારાયણ ભગવાન કહે છે, જીવા ખાચર તથાસ્તુ. તમને એ વરદાન આપ્યું. અમારૂં સ્મરણ કરતાં, અમારા લીલાચરિત્રોને યાદ કરતાં, અમારૂં નામ સ્મરણ કરતાં કોઈ પણ જીવ ગામમાં કે ગામની ધરતીમાં જ્યાં પણ દેહત્યાગ કરશે એ જમદૂતના હાથમાં નહી જાય. મહારાજ આવું અદ્‌ભુત વરદાન આપીને ગઢપુર પધારે છે.

મિત્રો ! વરદાનની વાત ગમી ને ? હા, તો પછી તમે પણ વિચારી રાખજો કે ભગવાન વરદાન માંગવાનું કહે તો શું માંગવું ? જો કે સ્વામિનારાયણ ભગવાનનો દ્રઢ આશરો હોય તો વરદાન માંગવાની જરૂર પણ નથી પડતી. કારણ કે સ્વામિનારાયણ ભગવાને આશ્રિતોના સુખાર્થે કાયમ માટે સુખનાં વરદાન આપેલાં જ છે. માટે આનંદમાં રહી ભગવાનનું ભજન કરો અને સદા સુખી રહો.

●

## વિચાર્યા વગર ઉતાવળા ન થવું

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

મહાત્મા તુલસીદાસજીની ઉક્તિ છે, ''દયા ધર્મ કા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન. તુલસી દયા ન છાંડીયે, જબ લગ ઘટ મેં પ્રાણ.'' શાસ્ત્રોએ કહ્યુંછે કે દયાવાન થવું તે પરમ ધર્મ છે. દયાભાવ ચોક્કસ જરૂરી છે. પણ પાત્ર-કુપાત્રતા જોયા વિના કરેલી દયા મુશ્કેલી ઉભી કરી શકે છે. આજે આપણે અહીં એક એવી જ વાત વાંચીશું.

પહેલાનાં જમાનાની આ વાત છે. એક નાનું ગામ હતું. ગામમાં ઘણી વસ્તી હતી. તેમાં એક બ્રાહ્મણ કુટુંબ પણ રહેતું હતું. આ બ્રાહ્મણની સ્થિતિ સામાન્ય હતી. યજમાન વૃત્તિ દ્વારા ઉપાર્જિત દ્રવ્ય અને ભિક્ષા દ્વારા જે કાંઈ મળે તેનાથી પોતાના કુટુંબનું ભરણપોષણ કરે. બાળકો મોટા થતાં તેમના વિદ્યાભ્યાસ વગેરે માટે અર્થ ઉપાર્જન કરવું તે આ બ્રાહ્મણ માટે મોટો પ્રશ્ન થઈ પડ્યો હતો.

તેને વિચાર આવ્યો કે લાવ હું નજીકના શહેરમાં જાઉં અને ત્યાં કોઈક કામ ધંધો ચાલું કરૂં. તેમાંથી બે-પૈસાં કમાઈએ તો આગળનું જીવન સુખરૂપ પસાર થઈ શકે. તે વખતે અત્યારના જેવો વાહનયુગ તો હતો નહી કે બસ સ્ટેશને જઈ બસમાં બેઠા, ટીકીટ લીધી અને જે તે જગ્યાએ પહોંચી ગયા. ત્યારે તો ક્યાંય પણ જવું હોય તો પગપાળા જવું પડતું. બ્રાહ્મણ તો ચાલતો ચાલતો શહેર તરફ જવા નીકળ્યો. રસ્તામાં એક વિશાળ જંગલ આવ્યું.

થોડો થોડો ગભરાતો ગભરાતો આ બ્રાહ્મણ જંગલમાં આગળ વધતો જાય છે. હવે તો તે ખૂબ જ થાકી ગયો હતો. તેથી એક વૃક્ષ નીચે તેણે આરામ કર્યો. આરામ કરી રહ્યા પછી આજુબાજુમાંથી ફળ અને પાણી દ્વારા પોતાની ભૂખ-તરસ છીપાવી ફરીથી ચાલવાનું ચાલું કરી દીધું. જેમ જેમ આ બ્રાહ્મણ જંગલમાં આગળ વધતો ચાલ્યો. તેમ તેમ તેના મનમાં ભય વધવા લાગ્યો. આવા સુમસામ જંગલમાં કોઈ જંગલી જાનવર આવશે તો ! મને ખાઈ જશે તો ! મનમાં ગભરામણ છતાં ધીમા પણ મક્કમ પગલે તે આગળ વધતો હતો ત્યાં તેના કાને સિંહની ગર્જના સંભળાઈ. ગર્જના સાંભળતા પહેલાં તો સિંહ નજીક હોવાના આભાસથી બ્રાહ્મણ ગભરાયો. પણ તેને લાગ્યું કે આ સિંહ કોઈ બંધનમાં આવી પડ્યો લાગે છે. તેથી તેની ગભરામણ ઓછી થઈ.

અવાજ જે દિશામાથી આવી રહ્યો હતો તે દિશામાં આગળ ચાલ્યો તો તેણે જોયું કે એક મોટા પાંજરામાં સિંહ પુરાયેલો હતો અને તેથી તે ગર્જના કરી રહ્યો હતો. બ્રાહ્મણ હવે નિશ્ચિંતપણે આગળ વધ્યો. જ્યાં પેલા સિંહના પાંજરા

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.swaminarayanmandirtorda.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com
ઈડર : www.gopinathjiidar.com
નારણપુરા : www.sankalpmurti.org
ધોળકા : www.swaminarayanmandirdholka.co.in

પાસે આવ્યો કે આ પુરાયેલો સિંહ દયામણું મોઢું કરી આ બ્રાહ્મણને વિનંતી કરવા લાગ્યો. હે ભૂદેવ ! મને આ પાંજરામાંથી બહાર કાઢો. હું તમારો અહેસાન જીવનભર નહી ભૂલું. પહેલાં તો બ્રાહ્મણ તૈયાર ન થયો. પણ સિંહે બહુ આજીજી કરી. બહુ વિનમ્રતાભરી વિનંતી કરી તેથી દયાળુ સ્વભાવના બ્રાહ્મણને આ સિંહ ઉપર દયા આવી ગઈ. તેમણે પાંજરાનો દરવાજો ખોલ્યો.

પાંજરાનો દરવાજો ખોલતાં જ સિંહ તો બહાર આવ્યો. આ સિંહ ઘણા દિવસથી પાંજરામાં પૂરાયેલો હોવાને કારણે ખૂબ જ ભૂખ્યો હતો. અને એ તો જેણે તેને આ પાંજરામાંથી બહાર કાઢ્યો, જેણે એના ઉપર દયા કરી તેવા આ બ્રાહ્મણને જ ખાઈ જવા તૈયાર થઈ ગયો. આ જોઈ બ્રાહ્મણ કહેવા લાગ્યો ''હે વનરાજ ! તમે મને વચન આપ્યું હતું કે તમે મને નહીં મારો, મારો અહેસાન નહી ભૂલો. પણ હવે બહાર નીકળીને તમે કેમ ફરી ગયા ?''

નિર્ભય થયેલો સિંહ કહેવા લાગ્યો, વચન કેવું ને વાત કેવી ! અમે તો વનના રાજા કહેવાઈએ. એટલે અમે તો અમારા મનમાં આવે તેમ કરીએ. અમને કોણ કહેવા વાળું છે ! હું તો તને ખાવાનો જ છું. હવે, આ બ્રાહ્મણ તો પોતાની ભૂલ ઉપર પસ્તાવો કરી રડવા લાગ્યો. બ્રાહ્મણે થોડો વિચાર કરી એક યુક્તિ વિચારી કહ્યું, વનરાજ ! આપણે કોઈ ત્રીજી જ વ્યક્તિ પાસે આપણી વાત જણાવીએ અને આપણો ન્યાય કરાવીએ. તે જે નિર્ણય આપે તેનો સ્વીકાર કરીશું.

સિંહને બ્રાહ્મણની આ વાત યોગ્ય લાગી. તેણે ત્રીજી વ્યક્તિ પાસે ન્યાય કરાવવાનું નક્કી કર્યું. એટલામાં ત્યાંથી એક શિયાળ પસાર થયું. સિંહે અને બ્રાહ્મણે શિયાળ પાસે બનેલી સંપૂર્ણ ઘટના રજૂ કરી. પછી શિયાળને સાચો ન્યાય કરવા જણાવ્યું. શિયાળ બ્રાહ્મણની સામું જોતા બધી વાત સમજી ગયું કે આ સિંહે આ બ્રાહ્મણને ફસાવી દીધો છે. તેણે તરત જ યુક્તિ વિચારી લીધી.

શિયાળ કહે ''વનરાજ ! જે બનાવ બન્યો તે હું મારી આંખ સામું જોવા માંગું છું. જો તેમ થાય તો જ હું સાચો ન્યાય કરી શકું.'' સિંહ તો શિયાળની વાતમાં આવી ગયો અને તે પાંજરામાં ગયો. સિંહ જેવો પાંજરામાં ગયો કે શિયાળે તર્ત જ બ્રાહ્મણને ઈશારો કરી પાંજરાનું બારણું બંધ કરી દેવા જણાવ્યું. બ્રાહ્મણે પણ ઘડીનો વિલંબ કર્યા વિના બારણું બંધ કરી દીધું.

સિંહ પાછો પાંજરામાં પૂરાઈ ગયો અને બ્રાહ્મણે શિયાળને તેનો જીવ બચાવવા બદલ શાબાશી આપી. બંને જણા ખુશ થતા આગળ ચાલ્યા, ત્યારે શિયાળે કહ્યું, ''બ્રાહ્મણ ! દયા કરવી તે સારી બાબત છે પણ જે તે અયોગ્ય વ્યક્તિ પર, દુષ્ટ ઉપર ક્યારે પણ દયા કરવી નહી. જો વગર વિચારે દયા કરે તો મોટું કષ્ટ આવી પડે છે.

મિત્રો ! જોયું ને વગર વિચાર્યે દયા કરવામાં કેવી મુશ્કેલી આવી પડે છે ! એટલે જ દેવાનંદ સ્વામીએ કહ્યું છે કે -

**''વિવેકી નરને એમ વિચારીને જોવું.''**

### અક્ષરવાસ

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના પવિત્ર નિષ્ઠાવાન સંત સ.ગુ. હરિસેવકદાસજી સ્વામી (શેઠ સ્વામી) તા. ૫-૧૦-૨૦૧૮ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. તેમના જવાથી સત્સંગને ન પૂરાય તેવી ખોટ પડી છે. શ્રીજી મહારાજને ગમ્યું તે જ સાચું તેવી સમજણ કેળવવાની શ્રીજી મહારાજ આપણને શક્તિ આપે તે જ પ્રાર્થના.

### શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી

સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજના નવા નિયુક્ત થયેલા પૂજારી સ.ગુ. સ્વામી વૃંદાવનદાસજી ગુરુ સ.ગુ. સ્વામી પુરૂષોત્તમચરણદાસજી હાલ પૂજારી તરીકે સેવા કરે છે.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૪૫ ● શયન આરતી ૨૦-૩૦

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી) "આત્માનો સ્વભાવ જ છે ઉર્ધ્વગતિ"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

**દરેક જીવનું એક જ લક્ષ્ય છે. ભગવત પ્રાપ્તિ કેમ કે ? આત્માનો સ્વભાવ જ છે. ઉર્ધ્વગતિ. પરંતુ દરેક વ્યક્તિને જ્ઞાન નથી કે સાચું સુખ ક્યાં છે ? માટે દરેક વ્યક્તિ પોતાની માન્યતાના સુખ પાછળ દોડે છે.** સામાન્ય રીતે જુઓ તો દરેક જીવ જન્મે છે ત્યારથી મૃત્યુ સુધી પોતાની પાસે જે છે તેના કરતા વધારે **'સુખ'** મેળવવાની દોટ કરતા હોય છે. **કેમ કે ?** દરેક આત્માનો પ્રાકૃતિક સ્વભાવ જ છે કે ઉપર ઉઠવું. દરેક જીવ જ્યાં છે ત્યાંથી ઉપર ઉઠવા પ્રયત્નશીલ છે.

પરંતુ દરેક વ્યક્તિને સાચું અને યોગ્ય પોષણ મળતું નથી. માટે જે જીવને સુખની ભટકામણમાં અથડાતા અથડાતા ખ્યાલ આવે છે કે **સાચું સુખ પરમાત્માના શરણમાં છે. તો તે જીવ ત્યાં સુધી પહોંચી જાય છે. પણ આપણને તો ઘેર બેઠા બધું મળી ગયું છે.** તો આપણે આપણા દીકરા-દીકરીને નાનપણથી સાચા સંસ્કાર આપીએ ને તો તેના જીવનમાં વાંધો નથી આવતો. **કેમ કે? ભક્તિનું બીજ બધાની અંદર હોય જ છે.** ઘણી જગ્યાએ આપણે જોઈએ છીએ બધાએ જોયું હશે કે દિવાલની અંદરથી છોડવા નીકળે છે. તો પથ્થરમાં તો પાણી હોતું નથી, છતાં પણ બીજ ત્યાં પડી ગયું હોય અને તેને કોઈ પાણી મળી જાય અથવા વરસાદનું પાણી મળી જાય તો અંદરથી છોડ ઉગી નીકળે છે. તો જે છોડ દિવાલ પર ઉગે છે તો તેને પુરંતુ પોષણ મળતું નથી. કેમ કે ? લોકો તેને કાપી નાખે છે કે દિવાલને નુકશાન થશે. તેમ આપણા અંદર પણ સત્સંગના માધ્યમથી જે પોષણ આપણને મળી રહ્યું છે તેના કારણે અંદર જે ભક્તિરુપી **'બીજ'** અંતરમાં ઉગી નીકળે છે **એને પણ લોકો કુસંગ થકી કાપવા માગે છે. તો અંતરમાં જે સત્સંગના અંકુર ફૂટ્યા છે તે સૂકાઈ ન જાય તેની માવજત કરવી પડે તેનું ધ્યાન રાખવું પડે.** તેના માટે **'નિશ્ચય'** અને **નિષ્ઠાથી** ૧૦૦% શરણાગત થવાનું છે. ૧૦૦% સાચા સત્સંગી બનવા માટે શું કરવું પડે ? દા.ત. આપણે ક્યાંક જતા હોય અને જાણીતી જગ્યા આવે બહારથી બોર્ડ જોયું હોય અને બીજી કોઈ વ્યક્તિ હોય તે ગામમાં આંટો મારીને આવે, અને કોઈ ત્રીજી વ્યક્તિ હોય તે અઠવાડિયું ગામમાં રોકાઈને ફરીને આખું ગામ જોઈને આવે. પછી કોઈ પૂછે કે આ ગામ તમે જોયું છે ? તો જેણે બોર્ડ જોયું છે એ પણ કહેશે કે હા જોયું છે. અને જે ખાલી આંટો મારીને આવ્યા છે તે પણ કહેશે કે હા જોયું છે. અને જે અઠવાડિયું રોકાઈને આવ્યા છે તે પણ કહેશે કે મેં જોયું છે. પણ હકીકતમાં કોણે જોયું છે? તો જે અઠવાડિયું રોકાઈને બધું ફરીને આવ્યા છે તેણે જોયું કહેવાય. તેમ આપણે કોઈને પૂછીએ કે તમે સત્સંગી છો ? તો જવાબ મળે કે અમારે બે પેઢીથી સત્સંગ છે. પણ ઘણી વખત જુઓ તો ગળામાં કંઠી પણ ન હોય, કંઠી હોય તો પૂજા ન કરતા હોય પૂજા કરતા હોય તો ખાવા-પીવામાં બહારનું ખાતા હોય પવિત્રતા ન હોય. એ બધું હોય તો ભગવાનના વચનો કે નિયમોનું પાલન ન થતું હોય. તો એવું નથી કરવાનું. ૧૦૦% પાળવાનું છે. કંઠી, તિલક, ચાંદલો કરવો સહેલું છે. **એ તો અનિવાર્ય છે. આપણે 'શરણાગત' થયા છીએ એટલે એના સિવાય રહેવાય નહિ. પરંતુ તેની સાથે સાથે અંતરાત્માને સત્સંગી બનાવાવનો છે.** એના માટે પૂર્ણ સમર્પણ જોઈએ. આપણને એવું લાગે કે આપણે સમર્પણ થઈ ગયા પરંતુ **સંપૂર્ણ 'સમર્પણ' થવું અઘરું છે.** કોઈ પણ વ્યક્તિ ગમે તેટલા મોટા વિદ્વાન હોય તો પણ સંપૂર્ણ સમર્પણ નથી થઈ શકાતું. પરંતુ ભગવાન આપણા પ્રેમને સમર્પણને વશ થઈને આપણી નજીક આવે છે. આપણે આપણા ટાઈમે મહારાજની પૂજા કરીએ છીએ. જે જમાડો તે જ્યારે જમાડો ત્યારે આપણે જે વાઘા પહેરાવવા હોય તે પહેરાવીએ છીએ. એક દિવસમાં કેટલી વખત મહાપૂજા

હોય છે. આપણે કેટલી વખત મહારાજનો **'અભિષેક'** કરીએ છીએ. આપણને કોઈ પાણીમાં ને પાણીમાં ઉભા રાખે તો ! એ તો ભગવાન છે. એમને કાંઈ ન થાય. પણ કહેવાનું તાત્પર્ય છે કે **આપણે ભગવાન પ્રત્યે સમર્પિત છીએ એના કરતા ભગવાન આપણને વધારે સમર્પિત છે એવું લાગે છે.** તો એટલું ખાસ ધ્યાન રાખવાનું કે સત્સંગમાં પાછા ન પડાય કાયમ આગળ વધવાનું છે.

